ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૭-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### હવે બોધગયા : ભૂતકાળમાંથી પાઠ ન શીખ્યાનું વધુ એક પ્રમાણ

રવિવારે સવારે બિહારની રાજધાની પટણાથી લગભગ ૯૦ કિ.મી. દૂર આવેલા બોધગયાના મહાબોધિ મંદિરમાં ઉપરાછાપરી આઠનવ વિસ્ફોટ થયા એથી સિદ્ધ થયું છે કે આગામી રાજકીય જંગ માત્ર સૈદ્ધાંતિક કે વૈચારિક અથવા મોદી- નીતીશની વ્યક્તિગત ઈમેજના ટકરાવ કરતાં કંઈક વિશેષ હશે. બોમ્બ વિસ્ફોટની ઘટના ભાજપ અને જનતા દળ-યુ વચ્ચે વધેલા રાજકીય ખુન્નસનું કારણ હોવાનું માની લેવાની જરૂર નથી પણ પણ ગરમાયેલા રાજકીય વાતાવરણમાં આતંકી હુમલો થયો એ નિશ્ચિતપણે રાજકીય જંગને નવું પરિણામ આપશે. રાજકીય મોરચે શું બનવાનું છે એની ચિંતા રાજકીય પક્ષો ભલે કરે પરંતુ દેશની સલામતી સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા શાસકો, શાસકીય સંસ્થાઓ, સલામતી એજન્સીઓ અને સામાન્ય માણસ છેલ્લી ઘટનાને કઈ રીતે મૂલવે છે તે વધુ અગત્યનું છે. બોમ્બ બ્લાસ્ટના પગલે સલામતી એજન્સીઓની દોડાદોડી અને રાજકીય નેતાઓનાં નિવેદનોનો જે ઘટનાક્રમ જોવા મળ્યો એનાથી આપણે ટેવાઈ ગયા છીએ.

ટીવી ચેનલોએ પણ ગણતરીના કલાકોમાં કયા ત્રાસવાદી સંગઠનોનું કામ હોઈ શકે એની અટકળો પણ વહેતી કરી દીધી છે. દેશમાં અત્યાર સુધી નાના-મોટા આતંકવાદી હુમલાઓ થયા છે એ કયાં મોટા પ્રમાણમાં લોકોની અવરજવર હોય તે વિસ્તારોમાં, ટ્રેનોમાં, સુપ્રસિદ્ધ યાત્રાધામો અને પૂજાનાં સ્થળોએ થયા છે. કેટલાક કિસ્સાઓમાં આઈકનિક- પહેચાનરૂપ ઈમારતોને નિશાન બનાવવામાં આવી છે. બીજું , આતંકવાદનો પડછાયો અત્યાર સુધી અછૂત રહેલા બિહારને પણ આભડી ગયો છે. આતંકવાદીઓએ ઐતિહાસિક બોધગયામાં મહાબોધિ મંદિરને નિશાન શા માટે બનાવ્યું હશે એ બાબતે જુદીજુદી થિયરી ટાંકવામાં આવી રહી છે. એવું પણ નથી કે કોઈએ ધાર્યું-વિચાર્યું ન હોય એવા સ્થળે હુમલો થયો છે. દિલ્હી પોલીસે ગત જાન્યુઆરીમાં જણાવ્યું હતું કે ઈન્ડિયન મુજાહિદ્દીનના ત્રાસવાદીઓએ બોધગયામાં રેકી કરી હતી. જુલાઈ ૨૦૧૨માં અલ કાયદાના બગલબચ્ચા તેહરિક-એ- પાકિસ્તાન નામના સંગઠને બૌદ્ધ ધર્મવાદીઓ સામે બદલો લેવા ધમકી આપી હતી. બૌદ્ધધર્મી બર્મા-મ્યાનરમાં ત્યાંના મુસ્લિમોની કત્લેઆમ થઈ એના પડઘા આસામમાં પણ પડ્યા હતા. બોધગયા બ્લાસ્ટને પણ આ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો નવાઈ લાગવી જોઈએ નહીં. જ્યાં બોમ્બ બ્લાસ્ટ થયા એ મહાબોધિ મંદિર આજે ભલે યુનેસ્કોની વર્લ્ડ હેરિટજ સાઈટ્સની યાદીમાં સમાવિષ્ટ હોય, પરંતુ એ ખુદ સાંસ્કૃતિક- ધાર્મિક વિચારધારાના ટકરાવનું દૂરના અને નજીકના ભૂતકાળમાં નિમિત્તબિંદુ રહ્યું છે. મંદિરની સ્થાપના પાછળ સમ્રાટ અશોકનું યોગાદન હતું એ માન્યાતાથી માંડી પાંચમી-છઠ્ઠી સદીમાં ખરેખર એનું નિર્માણ થયું હતું. એમ માનનારા પુરાતત્વશાસ્ત્રીઓનો પણ એક વર્ગ છે. એક કાળમાં બંગાળના પાલ વંશના રાજાઓના જેના પર ચાર હાથ હતા તે ધર્મસ્થળ તુર્કી-ઈસ્લામિક આક્રમણખોરોના હાથે નાશ પામ્યાનો પણ એક ઈતિહાસ છે. ઈ.સ. ૧૮૮૦થી બ્રિટિશરો દ્વારા એના પુનરોદ્ધાર માટેના પ્રયાસોથી માંડી ઘમંડીગિરિ બાપુએ મહાબોધિ મંદિરની બાજુમાં શૈવ સંપ્રદાયનું મંદિર બનાવ્યું અને એ પછી ઓગણીસમી સદીમાં શ્રીલંકાના અંગારિકા ધર્મપાલે એને બૌદ્ધોનું મંદિર ગણાવી લાંબી કાનૂની લડત આપી એ ઈતિહાસનું બીજું પ્રકરણ છે. વર્ષ ૧૯૪૯માં બોધગયા ટેમ્પલ એકટ પસાર થયો એ પછી એના મેનેજમેન્ટ મંડળમાં ચાર બૌદ્ધ અને ચાર હિંદુ પ્રતિનિધિઓને સ્થાન અપાય છે. ઓગસ્ટ ૨૦૦૫માં ભાજપના કાર્યકરોએ મંદિરના સ્તૂપ- સ્તંભો પર પવિત્ર જળ છાંટી એને હિંદુ મંદિરના અવશેષ ગણાવવા પ્રયાસ કર્યો ત્યારે અયોધ્યા વિવાદની યાદ તાજી થઈ હતી.

ગઈકાલની ત્રાસવાદી ઘટના સાથે ઈતિહાસના જુદાં જુદાં પ્રકરણો અને પાત્રોને સીધો સંબંધ હોય એવું ધારી લેવાનું કોઈ કારણ નથી. પણ ભવિષ્યના ઈતિહાસમાં એની નોંધ જરૂર લેવાશે. અહેવાલ જો સાચા હોય તો મંદિર પર હુમલો થવાની ગુપ્તચર વિભાગે બિહાર સરકારને ચેતવણી આપી હતી. એને અનુસરી સલામતીનાં પગલાં લેવાયાં હતાં કે કેમ તેનો ખુલાસો થવો બાકી છે. પરંતુ, આપણા દેશમાં તમામ બાબતોને જે રીતે રાજકીય ચશ્માંથી જોવામાં આવે છે તે જોતાં આવા બોધપાઠોમાંથી આપણે શું શીખ્યા હોય એવું કોઈ પ્રમાણ સાંપડતું નથી.

# સંસ્કૃત પંડિત સન્માનની સાથે સાહિત્ય ગૌરવ અને યુવા ગૌરવ પુરસ્કાર એનાયત

## રાજ્યના એક લાખ જેટલા યુવાનોને સંસ્કૃત બોલતા કરવાનો સંકલ્પ પૂર્ણ

ગાંધીનગર, તા.૧૦

અષાઢ મહિનાનો -થમ દિવસ એટલે -ખર કવિ કાલિદાસની જન્મજયંતિ. દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવા-સાંસ્કૃતિક વિભાગ, સંસ્કૃત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત ભારતીના સંયુકત ઉપક્રમે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે ભવ્ય સંસ્કૃતોત્સવ-૨૦૧૩નું આયોજન કરાયું. જેમાં રાજ્યના યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાના હસ્તે તેમજ સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં પંડિતોનું સન્માન તથા સાહિત્ય ગૌરવ અને યુવા ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

મંત્રી શ્રી વોરાએ આ -સંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દેવભાષા સંસ્કૃતને વધુને વધુ -ધાન્ય આપવા તત્પર છે. રાજ્યની તમામ સંસ્કૃત પાઠશાળાઓને અનુદાનિત કરવામાં આવી છે. શાળાઓમાં સંસ્કૃત વિષયને ફરજિયાત બનાવાયો છે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા રાજ્યના એક લાખ જેટલા યુવાનોને સંસ્કૃત ભાષા બોલતાં કરવાનો સંકલ્પ પૂર્ણ કરવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષાના શિક્ષકો સંસ્કૃતને વધુ ઉત્સાહથી આત્મસાત કરી સારી રીતે ભણાવે તે માટે કમિટી બનાવી શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાશે. મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાંથી આવેલા સંસ્કૃતના -કાંડ પંડિતોનો આભાર માનતાં કહ્યું હતું કે, ''મેઘરાજા મન મૂકી વરસો આ માવઠું અમને નહીં ગમે અમે તો હેલીના માણસ છીએ.''

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી વેમ્પટિ કુટુમ્બ શાસ્ત્રીએ કહ્યું હતું કે, સંસ્કૃત ભાષા સમાજને દિશાદર્શન આપશે. સંસ્કૃત ભાષા ભારતનો આત્મા છે. ગુજરાતે સંસ્કૃતનો -ચાર--સાર કરવામાં ઘણું જ યોગદાન આપ્યું છે. સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય સંગઠન મંત્રી શ્રી દિનેશ કામતે જણાવ્યું હતું કે, સંસ્કૃતના અભ્યાસ વિના ભારતીય સંસ્કૃતિનું સાચું જ્ઞાન શકય નથી. સંસ્કૃત ફોનેટીકસ ભાષા છે. જેથી વિશ્વના અન્ય દેશોના નાગરિકોએ પણ સંસ્કૃત ભાષા શીખવાનું શરૂ કર્યું છે. કેરળ જેવા રાજ્યોમાં તો સંસ્કૃત વિષયને -થમ ધોરણથી ફરજિયાત કરાવ્યો છે. સંસ્કૃત ભારતીના માધ્યમ થકી દેશમાં વિનામૂલ્યે સંસ્કૃત સંભાષણ વર્ગો ચાલે છે. જેમાં સંસ્કૃત ભાષા શીખવાડવામાં આવે છે. વધુમાં ૨૦૧૨માં સંસ્કૃત ભારતી ગુજરાત દ્વારા સંસ્કૃત વિકિપીડિયા -કલ્પનો -ારંભ કરાયો છે.

યુવા-સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશભાઈ જહાએ સ્વાગત -વચન સંસ્કૃતમાં કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સંસ્કૃત ભાષા સમાજમાં વ્યવહારની ભાષા બને તે માટે સતત કાર્યશીલ છે, જેના ભાગરૂપે છેલ્લા ઘણા વર્ષોથી અષાઢ સુદ એકમના રોજ ટાઉનહોલ ખાતે સંસ્કૃતોત્સવનું આયોજન કરવામાં આવે છે. સંસ્કૃત માત્ર દેશમાં નહીં પણ વિશ્વની શ્રેષ્ઠ મેનેજમેન્ટ સંસ્થાઓમાં પણ ગીતાના માધ્યમ થકી ભણવામાં આવે છે. શ્રી જહાએ ઉત્તરાખંડમાં તાજેતરમાં બનેલી દુઃખદ ઘટનાને શ્રદ્ધાંજલિ આપતા સંસ્કૃત પદ્યનું પઠન કર્યું હતું. તેમણે વધુમાં સરખેજ- ગાંધીનગર હાઈ-વે પર સોલા વિશ્વ વિદ્યાલય, પાઠશાળા, ગુરૂકુળ, વૈષ્ણોદેવી અને યોગ યુનિવર્સિટી જેવી સંસ્થાઓ આવેલી હોવાથી એસ.જી. હાઈવેને ''સંસ્કૃતથી ગૂંથાયેલો માર્ગ'' એવું નામ આપવું જોઈએ તેમ પણ જણાવ્યું હતું.

# ગાંધીનગરમાં કિલકિલાટ નામે નવી બાળ સંસ્થાનો આરંભ



## નાટ્યકાર રાગી જાની અને વસંત પરમારના હસ્તે રથયાત્રા દરમ્યાન સંસ્થાનું અનોખું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કિલકિલાટ નામે એક નવી બાળ સંસ્થાનો આજથી પ્રારંભ થયો છે, જેનો ઉદ્‌ઘાટન સમારોહ વિશિષ્ટ રીતે યોજવામાં આવ્યો હતો. રથયાત્રા દરમ્યાન જ બે નાટ્યકારોના હસ્તે આ સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

બાળકો સાથે કલાના ક્ષેત્રમાં કાર્ય કરવાનો જેમને બહોળો અનુભવ છે એવા નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત અને અભિનેતા હિમાંશુ ભચેચ દ્વારા કિલકિલાટ સંસ્થાનો આરંભ કરવામાં આવ્યો છે.

સંસ્થાના આરંભ માટે રથયાત્રાના દિવસ પર પસંદગી ઉતારવામાં આવી હતી, જેની તૈયારી રૂપે સંસ્થાનો ટૅબ્લો પણ રથયાત્રામાં જોડાયો હતો. રથયાત્રાના રૂટ દરમ્યાન જ અમદાવાદના પ્રસિદ્ધ નાટ્યકાર રાગી જાની અને વસંત પરમારના હસ્તે બાળકોને મીઠું મોઢું કરાવી, ફુગ્ગા ઊડાડી સંસ્થાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કલાકારોના હસ્તે સંસ્થાને પેમ્ફલેટ વિતરણનો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો. સંસ્થાના સભ્યો ઉપરાંત રથયાત્રામાં જોડાયેલ પ્રેરણા વિદ્યાલય અને શાંતિ નિકેતન શાળાના વિદ્યાર્થીઓ પણ આ અનોખા ઉદ્‌ઘાટન સમારોહમાં જોડાયા હતા અને સૌએ સાથે ફુગ્ગા ઊડાડી આ અનોખા ઉદ્‌ઘાટનનો આનંદ લીધો હતો.

# રાજ્યમાં શક્તિદૂત યોજના હેઠળ ચેમ્પિયન્સ તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં શક્તિદૂત યોજના હેઠળ કૌશલ્યવાન રમતવીરોને જરૂરિયાતના ધોરણે રમતગમતની સંલગ્ન સુવિધા પુરી પાડીને ચેમ્પિયન્સ તૈયાર કરવા રાજ્ય સરકારે ઘનિષ્ઠ આયોજન કર્યું છે.

આ યોજના અંતર્ગત સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રમતો, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ, તથ આફ્રો એશિયન ગેમ્સ અને ઓલમ્પિક્સમાં સમાવિષ્ટ રમતોને માન્ય ગણવામાં આવશે. આ યોજના અંતર્ગત ૧૨ થી ૨૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા ખેલાડીઓની રમતગમત ક્ષમતાને ધ્યાને લઈ સહાય અપાશે.

આ યોજનામાં માન્ય ઓલ ઈન્ડિયા જૂનિયર, સબ-જૂનિયર સ્પર્ધાઓમાં વિજેતા થનાર ખેલાડીઓને તેમની સિદ્ધિની અગ્રતાના ધોરણે સમાવિષ્ટ કરાશે અને આ યોજના માટે પસંદગી પામતા ખેલાડીની અગાઉની બે વર્ષની રમતગમતની સિદ્ધિઓ ધ્યાને લેવામાં આવશે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચેમ્પિયન બનાવવા માટે સુવિધા પુરી પાડતી આ યોજનામાં અરજદારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી પત્રક તથા વિશેષ માહિતી વેબસાઈટ www.sycd.gujarat.gov.in પરથી મળશે. અરજી તા. ૩૧ જુલાઈ, ૨૦૧૩ સુધી ઓનલાઈન કરી શકાશે. ઓનલાઈન અરજીપત્રકની પ્રિન્ટ મેળવી જરૂરી પુરાવા, પ્રમાણપત્રો સાથે રાખી અરજીપત્રક જિલ્લા સિનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર- ૨૧, ગાંધીનગર ખાતે તા. ૧૬-૮-૨૦૧૩ સુધીમાં પહોંચાડવાની રહેશે. ત્યારબાદ અરજી સ્વીકારાશે નહીં, તેમ સિનીયર કોચ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## પી.એચ.ડી. થયા

આણંદ, તા.૧૦

શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ ખંભાત, જી. આણંદમાં વનસ્પતિશાસ્ત્ર વિષયમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા હિતેશકુમાર આર. પટેલે મણીનગર સાયન્સ કોલેજ, અમદાવાદના અધ્યાપક ડૉ. આર.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ વનસ્પતિશાસ્ત્ર વિષયમાં એન એથનોબોટાનીકલ એન્ડ ફ્લોરીસ્ટીક સર્વે ઓફ આર.ડી.એફ. પોસીના રેન્જ ઓફ સાબરકાંઠા ડીસ્ટ્રીકટ ઓફ નોર્થ ગુજરાત ઈન્ડીયા વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરી રજુ કર્યો હતો. આ નિબંધને જે.જે.ટી. યુનિવર્સિટી રાજસ્થાને માન્યતા આપી પી.એચ.ડી. પદવી એનાયત કરી છે.

## બીએડનાં ફોર્મ સ્વીકારવાની મુદત ૧૨ જુલાઈ સુધી

અમદાવાદ, તા.૧૦

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીએડ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ હતો. જો કે યુનિવર્સિટીની સંલગ્ન બીએડ કોલેજોની કુલ ૯૦૦૦ બેઠકો સામે માત્ર ૬૦૦૦ ફોર્મ જ ભરાતા યુનિવર્સિટી તંત્ર સફાળું જાગ્યું છે. અને બેઠકો ખાલી ન રહે તે માટે ફોર્મ ભરવાની મુદત લંબાવીને ૧૨ જુલાઈ કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીએડ કોલેજોની ૯૦૦૦ બેઠકો ઉપર પ્રવેશ માટે ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ હતી. જો કે ૯૦૦૦ બેઠકો સામે માત્ર ૬૦૦૦ ફોર્મ જ ભરાતા યુનિવર્સિટી તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

### ગાંધીનગર - સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરી દ્વારા

# આજે પત્રકારત્વની બદલાતી ભૂમિકા વિષયે માસ કોમ્યુનિકેશન સેમિનાર

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર, જિલ્લા માહિતી કચેરી, સાબરકાંઠા અને -દેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુકત ઉપક્રમે પત્રકારત્વની બદલાતી ભૂમિકા વિષયક માસ કોમ્યુનિકેશન સેમિનાર તા. ૧૧મી જુલાઈ, ૨૦૧૩ના રોજ સવાર ૧૦ કલાકે ગુજરાત નગર પાલિકા પરિષદ ભવન, એમ.એસ.બિલ્ડિંગ પાછળ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ સેમિનારમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ પત્રકાર શ્રી અજય ઉમટ પત્રકારત્વની બદલાતી ભૂમિકા અને તેની અસરકારકતા વિષય પર અને ગુજરાત સમાચારના વરિષ્ઠ પત્રકાર અને જાણીતા કોલમિસ્ટ શ્રી ભવેન કચ્છી સાં-ત વૈશ્વિક પરિસ્થિતિ અને પત્રકારત્વની ભુમિકા વિષય પર પોતાની આગવી શૈલીમાં વકતવ્ય આપશે. આ -સંગે -દેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત માહિતી નિયામક શ્રી મહેશકુમાર રાણા અને ે્સ અકાદમી, ગાંધીનગરના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના પત્રકાર મિત્રોને ઉપસ્થિત રહીને સેમિનારનો લાભ લેવા નાયબ માહિતી નિયામક, ગાંધીનગર શ્રી -જ્ઞા પટેલ અને નાયબ માહિતી નિયામક, સાબરકાંઠા શ્રી વી.જે. મેસરિયાએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે નવા વિદ્યાર્થીઓને આવકારવા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે તાજેતરમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે નિમ્લાર્ક આશ્રમ, હિંમતનગરના ડૉ. ગૌરાંગ શરણ દેવાચાર્ય, મુખ્ય મહેમાન તરીકે મહામંત્રી શ્રી ગોવિંદભાઈ ચૌધરી, ઉપપ્રમુખશ્રી સેંઘાભાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેકટરશ્રી ગણેશભાઈ ચૌધરી, મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓને આવકારી આર્શીવચન પાઠવ્યા હતા.

પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રાકેશ પટેલ અને આભારવિધિ પ્રા. ડૉ. લીનાબેન સ્વાદિયાએ કરી હતી.

# ગ્રામજનોની બચતનાં નાણાંથી બાળકોને મળી સ્માર્ટ સ્કૂલ

## વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન કરી શકે તે માટે ખાસ સોફ્ટવેર અને ટેસ્ટ બાદ તુરંત જ પરિણામ મળી જાય તેવી અત્યાધુનિક વ્યવસ્થા

## જિલ્લામાં આગામી દિવસોમાં અન્ય દસ સરકારી શાળાઓને લોક ભાગીદારીની સહાયથી સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવશે








ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત ગાંધીનગર તાલુકાની જમિયતપુરા શ્રેષ્ઠ શાળાએ લોક ભાગીદારીનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું છે. ગાંધીનગર નજીક સ્થિત આ ગામના રહેવાસીઓએ એકઠા મળીને સરકારી શાળાને સ્માર્ટ સ્કૂલ બનાવી દીધી છે.

ગામના અગ્રણી નાગરિક અને આ શાળાના પૂર્વ વિદ્યાર્થી ગોવિંદભાઈ પટેલે સગર્વ આ વાત જણાવતાં ઉમેર્યું કે આ કાર્યમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકીનો સહયોગ પ્રાપ્ત થયો હતો તથા ગ્રામજનો અને અન્ય સંસ્થાઓ પાસેથી રૂપિયા બાર લાખ જેટલું યોગદાન મેળવીને આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તેમજ જિલ્લાશિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ટી એસ જોષીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં અભ્યાસક્રમના પાઠ ચલાવ્યા બાદ બાળકોનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનું થાય છે, જેનું ઉત્તમ ઉદાહરણ જમિયતપુરા શ્રેષ્ઠ શાળાએ પુરું પાડ્યું છે. વિદ્યાર્થીઓ પોતાની રીતે જ કોમ્પ્યુટર પર પ્રશ્નોના જવાબો આપીને પુનરાવર્તન કરી શકે તેવી પદ્ધતિ આ શાળામાં ઊભી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન કરી શકે એ માટે 'ગુરુજી ઓનલાઈન' નામનું સોફ્ટવેર પણ વિકસાવવામાં આવ્યું છે. કોઈપણ પાઠ કે પ્રકરણના શિક્ષણ બાદ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર સ્ક્રીન પર પ્રશ્નપેપર જોઈ શકે છે અને એના જવાબો પણ આપી શકે છે, જેનું પરિણામ એમને તત્કાળ મળી જાય છે. જેના કારણે બાળકે પાઠમાંથી કેટલું શિક્ષણ ગ્રહણ કર્યું તેનો અંદાજ શિક્ષકોને પણ આવી જાય છે.

**શાળા અમારી તીર્થભૂમિ**

આ સમગ્ર શિક્ષણકાર્ય ફક્ત એક જ સીપીયુ અને સર્વર દ્વારા થાય છે. આ અર્થમાં જોઈએ તો એક જ સીપીયુ આધારિત જમિયતપુરાની પ્રાથમિક શાળા એ સમગ્ર ભારતની પ્રથમ સ્માર્ટ સ્કૂલનું સન્માન મેળવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીના સંકેતો છે કે જિલ્લામાં આગામી દિવસોમાં અન્ય દસ સરકારી શાળાઓને લોક ભાગીદારીની સહાયથી સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવશે, જેમાં લેપટોપ, મોબાઈલ, ટેબલેટ કે કોમ્પ્યુટરમાં ગુરુજી સોફ્ટવેર દ્વારા વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે તેવું આયોજન કરવામાં આવશે. આ પદ્ધતિથી શિક્ષણ આપવાથી શિક્ષકોની મહેનત ઘટે છે અને વિદ્યાર્થીઓને પણ સંબંધિત લેસન આસાનીથી યાદ રહે છે.

જે પ્રાથમિક શાળાઓમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણ આપવામાં આવે છે તે શાળાના વિદ્યાર્થીઓ વધુ સારી પ્રગતિ કરી શકે છે એવું માનનારા જમિયતપુરા ગામના રહેવાસીઓએ ખરે જ ભારતભરમાં લોક ભાગીદારીનો એક ઉદાહરણરૂપ નમૂનો ઊભો કર્યો છે.